# ભાજપના પ્રમુખ પદે રાજનાથસિંહ

નવી દિલ્હી,તા. ૨૩

ભાજપના વરિષ્ઠ નેતા અને ઉત્તર પ્રદેશના શક્તિશાળી નેતા રાજનાથસિંહ પક્ષના પ્રમુખ તરીકે આજે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ભાજપના પ્રમુખ તરીકે સંસદીય બોર્ડે પક્ષના આગામી પ્રમુખ તરીકે રાજનાથસિંહના નામની લીલીઝંડી આપી હતી. રાજનાથસિંહ અને નિતીન ગડકરી એક જ કારમાં પક્ષની ઓફિસમાં પહોંચ્યા હતા. પક્ષની સંસદીય બોર્ડની મિટીંગમાં



રાજનાથસિંહની પણ આ બીજી ઈનિંગ્સ છે. ભાજપ પ્રમુખના હોદ્દા માટે ઉમેદવારી પેપરો રાજનાથસિંહે દાખલ કર્યા બાદ તેમના નામ ઉપર સર્વસંમતિ સધાઈ ગઈ હતી. ભાજપ પ્રમુખ નિતીન ગડકરી એક પછી એક વિવાદોના કારણે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા જેથી તેના નામ ઉપર સર્વસંમતિ થઈ ન હતી. ભાજપ હાજરી આપવા માટે આ બંને એક જ કારમાં પહોંચ્યા હતા. ત્યારબાદ રાજનાથસિંહે તેમની નોમીનેશન નોંધાવી હતી. ત્યારપછી રાજનાથસિંહની તરફેણમાં એક ઠરાવ ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી દ્વારા પસાર કરવામાં આવ્યો હતો જેને વિદાય લેતા પ્રમુખ ગડકરી, ભાજપના નેતા અનંત કુમાર સહિત સંસદીય બોર્ડના તમામ સભ્યોએ સર્વસંમતિથી ટેકો આપ્યો હતો. અગાઉ રાજનાથસિંહ પક્ષના વરિષ્ઠ નેતા એલકે અડવાણીને મળ્યા હતા. મંગળવારે મોડી રાત્રે ઝડપથી નાટ્યાત્મક ઘટનાક્રમ થયા હતા. નિતીન ગડકરીની દાવેદારીને ફગાવી દેવામાં આવી હતી જેથી રાજનાથસિંહ ફેવરિટ બની ગયા હતા. રાજનાથસિંહ ઉત્તર પ્રદેશના વરિષ્ઠ નેતા તરીકે છે. તેઓ અગાઉ પણ પક્ષના પ્રમુખ તરીકે રહ્યા હતા. રાજનાથસિંહ વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં પક્ષનું નેતૃત્વ કરશે. પક્ષના વરિષ્ઠ નેતાઓ દ્વારા જોરદાર નારાજગી વ્યક્ત કરવામાં આવ્યા બાદ નિતીન ગડકરીના મુદ્દે બળવા જેવી સ્થિતિ થઈ ગઈ હતી. ગડકરી સંબંધિત પૂરતી ગ્રુપના બિઝનેસ કારોબારમાં આઈટી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આઈટીના સંકંજામાં રહેલા ગડકરીના મુદ્દે પક્ષના સભ્યો વાંધો ઉઠાવી રહ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાએ ગડકરીની સામે ચૂંટણી લડવા ઈચ્છા વ્યક્ત કરી હતી. ગડકરીને લઈને પક્ષના અનેક સભ્યોએ જોરદાર વાંધો ઉઠાવ્યો હતો જેમાં ભાજપના વરિષ્ઠ નેતા અને વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા શત્રુઘ્નસિંહાનો સમાવેશ થાય છે. ગડકરીની પસંદગી ન થતાં આરએસએસને પણ ફટકો પડ્યો છે. આરએસએસના વડા મોહનરાવ ભાગવત ગડકરીની તરફેણ કરી રહ્યા હતા. મોહન ભાગવતે તેમની પસંદગી કરવા સૂચન પણ કર્યું હતું. પરંતુ પક્ષમાં ભાજપના નેતાઓ એમ માની રહ્યા હતા કે ગડકરીની પસંદગી કરવાથી ભ્રષ્ટાચાર સામેની લડાઈ ભાજપ અસરકારક રીતે લડી શકશે નહીં કારણ કે નિતીન ગડકરી સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થઈ ચૂક્યા છે અને આઈટી સહિતની તપાસ સંસ્થાઓ ઊંડી તપાસ કરી રહી છે. આજે સવારે રાજનાથસિંહે નોમિનેશન પેપરો વિધિવત રીતે ભર્યા હતા. નિતીન ગડકરીએ પણ આખરે પોતાની હાર સ્વીકારી લઈને બીજી વખત ચૂંટણી નહીં લડવાની વાત કરી હતી. રાજનાથસિંહ ઉત્તર પ્રદેશમાં ખૂબ જ મજબૂત ભાજપના નેતા રહ્યા છે. ઉચ્ચ જાતિના લોકોમાં તેમનું વર્ચસ્વ રહેલું છે.

### ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ગડકરીનો આક્ષેપ

## રાજકીય કાવતરાના કારણે રાજીનામુ આપવું પડ્યુ છે

નવી દિલ્હી,તા. ૨૩

રાજનાથ સિંહને શુભેચ્છા આપતા ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ગડકરીએ આજે આક્ષેપ કર્યો હતો કે તેમની સામે થયેલા રાજકીય ષડયંત્રના કારણે તેમને રાજીનામુ આપી દેવાની ફરજ પડી છે. રાજકીય કાવતરાના લીધે જ તેઓએ બીજી વખત પક્ષ પ્રમુખ નહીં બનાવાનો નિર્ણય કર્યો હતો. ગડકરીએ કહ્યુ હતુ કે તેઓ રાજનાથસિંહને પક્ષ પ્રમુખ બનાવા માટે અભિનંદન આપે છે. તેમના નેતૃત્વમાં ગડકરી અગાઉ પણ કામ કરી ચુક્યા છે. ગડકરીએ એમ પણ કહ્યુ હતુ કે રાજનાથ સિંહમાં એવી ક્ષમતા છે જે હેઠળ ભાજપ ૨૦૧૪ની ચૂંટણીમાં જીત મેળવી શકે છે. ગડકરીએ પોતાની સામે થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપોનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે જ્યાં સુધી બીજી અવધિ માટે પસંદગીની વાત છે એક રાજકીય કાવતરા સાથે તેમના



નામને જોડવાના પ્રયાસ થયા છે. જેની સાથે તેમના કોઈ સંબંધ પણ રહ્યા ન હતા. અત્રે ઉલ્લખનીય છે કે ગડકરીના જેની સાથે સંબંધ રહ્યા છે તે પૂર્તિ ગ્રુપમાં ઈન્કમટેક્સની તપાસ ચાલી રહી છે. ગડકરીએ કહ્યુ હતુ કે પૂર્તિ ગ્રુપ સાથે તેમના કોઈ લેવાદેવા રહ્યા નથી. આવકવેરા વિભાગે ગઈકાલે જ મુંબઈમાં નવ સ્થળોએ ચકાસણી કરી હતી. પૂર્તિ ગ્રુપ સાથે સંબંધિત છ કંપનીઓમાં ચકાસણી કરવામાં આવી હતી. ગડકરીએ દાવો કર્યો હતો કે જે કંપનીઓમાં દરોડા પાડવામાં આવ્યા છે તે સાથે તેમના કોઈ સંબંધ રહ્યા નથી. ગડકરીએ ઉમેર્યુ હતુ કે આર્થિક સ્થિતિ ચિંતાજનક બનેલી છે. મોંઘવારી પણ આસમાને છે. વિદેશી મૂડી ભંડોળની સ્થિતિ નબળી છે. વિદેશી મૂડીરોકાણ ઓછુ છે. આવી સ્થિતિમાં ભાજપ એક યોગ્ય વિકલ્પ બની શકે છે. ભાજપ પાસે સ્થિતિને બદલી નાંખવાની ક્ષમતા છે.

## કરવેરાની જાળ વધુ વિસ્તૃત બનશે : ચિદમ્બરમનો મત

મુંબઈ,તા. ૨૩

નાણાં મંત્રી ચિદમ્બરમે આજે જણાવ્યું હતુ કે કરવેરાની જાળને વધુ વિસ્તૃત બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સાથે સાથે મહેસૂલી આવક કઈ રીતે વધે તેના વિકલ્પ ઉપર પણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી છે. પૂર્વ એશિયા પ્રવાસના બીજા તબક્કામાં ૩૦૦ શહેર સ્થિત મૂડીરોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસને આજે સિંગાપોરમાં ચિદમ્બરમે કહ્યુ હતુ કે ભારત ૨૦૧૫-૧૬ બાદથી આઠ ટકાના વિકાસદરથી આગળ વધવા સજ્જ છે. તેમણે કહ્યુ હતુ કે કરવેરાની જાળને વધુ વિસ્તૃત બનાવવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે જેથી જીડીપીમાં મહેસૂલીરૂપે ટેક્સનો હિસ્સો વધશે. પ્રધાને કહ્યુ હતુ કે સરકાર મહેસૂલી ખાદ્યને આગામી ત્રણથી ચાર વર્ષમાં જીડીપીના ત્રણ ટકાના નીચે સ્તરે લઈ જવા માટે કટિબદ્ધ છે. ચિદમ્બરમે ગઈકાલે હોંગકોંગમાં મૂડીરોકાણકારોને સંબોધન કરતા કહ્યુ હતુ કે તેઓ નાણંકીય ખાદ્યને જીડીપીના ૫.૩ ટકાના સ્તર પર રાખવા કટિબદ્ધ છે.

આનો ૨૦૧૩-૧૪માં ઘટાડીને ૪.૮ ટકા સુધી લવાશે. પ્રધાને કહ્યુ હતુ કે ભારતમાં પણ મંદીની અસર દેખાઈ રહી છે પરંતુ ચિત્ર ખુબજ ગુલાબી છે. પ્રધાને કહ્યુ હતુ કે ગ્રોથ રેટ વર્ષ ૨૦૧૨-૧૩માં ૫.૭ ટકાની નીચી સપાટીએ રહી શકે છે પરંતુ આગામી નાણાંકીય વર્ષમાં ૬-૭ ટકાનો દર રહી શકે છે. મિટિંગમાં ઉપસ્થિત રહેલા મૂડીરોકાણકારોના જણાવ્યા મુજબ પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે ભારત સરકાર અર્થતંત્રને પુનઃ પાટા પર લાવવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સરકાર દ્વારા તમામ પ્રયાસો અને હિલચાલ શરૂ કરી દેવાઈ છે. બચતના દર જીડીપીના ૩૫-૩૬ ટકાની આસપાસ છે. આધાર પ્લેટફોર્મ અને ચોખાની નિકાસમાં સફળતા સહિતના મુદ્દાઓ પર ચિદમ્બરમે વાત કરી હતી.

## એરટેલ, વોડાફોન અને આઈડિયા મોબાઈલે કોલ દરોમાં જંગી વધારો

નવી દિલ્હી,તા. ૨૩

મોબાઈલ ધારકોને પ્રથમ વખત મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં મોબાઈલ ઓપરેટર એરટેલ, વોડાફોન અને આઈડિયા મોબાઈલે કોલ દરોમાં જંગી વધારો કરી દીધો છે. એરટેલ અને આઈડીયાએ કોલ દરમાં જંગી વધારો ઝીંકીને મોબાઈલ ધારકો પર બોજ નાંખી દીધો છે. બીજી તરફ વોડાફોને વોઈસ કોલના દરમાં ફેરફાર કર્યો છે.

દેશની ટોચની મોબાઈલ ફોન કંપની ભારતી એરટેલે આજે કોલ ટેરિફમાં અથવા તો દરમાં ૧૦૦ ટકાનો જંગી વધારો કર્યો હતો. જેથી તેના ગ્રાહકોને હવે વધારે નાણાં કોલ ટેરિફ માટે ચુકવાવા પડશે વધતા જતા ખર્ચને ધ્યાનમાં લઈને ભારતી એરટેલ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતી એરટેસે તેના કોલ રેટ પ્રતિ મિનિટ રૂપિયા એકથી વધારીને પ્રતિ મિનિટ બે કરી દીધા છે. આ મામલામાં નડર રાખી રહેલા સુત્રોએ કહ્યું છે કે કંપનીફ્રી મિનિટમાં આશરે ક્વાટર સુધીનો ઘટાડો કરી રહી છે. સાથે સાથે પ્રિપેઈડ ગ્રાહકો માટે કેટલાક કોલ વાઉચરની કિંમતમાં પાંચથી ૧૫ રૂપિયાનો વધારો કરી



રહી છે. બીજી બાજુ આઈડિયાના મહિલા પ્રવકતાએ કહ્યું છે કે તેમની કંપનીએ કેટલાક ઝોનમાં કોલ રેમાં વધારો કર્યો છે. કેટલીક પ્રોમોશનલ ઓફરને પાછી ખેંચી લેવામાં આવી છે. આઈડિયાએ ૧.૨ પૈસા પ્રતિ સેકન્ડના બદલે રેટને વધારીને બે પૈસા કરી દીધા છે. સેક્ટરની મહેસુલી રકમ પૈકી ૮૫ ટકા રકમ વોઈસ કોલ એકાઉન્ટમાંથી આવે છે. મોબાઈલ ડેટા હજુ પ્રારંભિક તબક્કામાં છે. ભારતીય મોબાઈલ ફોન માર્કેટ વિશ્વમાં ચીન બાદ બીજા સ્થાને છે. છેલ્લા ત્રણ વર્ષમાં કોલ કિંમતમાં વધારો થયો ન હતો. આ ગાળા દરમિયાન કિંમતોને લઈને જોરદાર સ્પર્ધા જામી હતી જેને લઈને કોલ રેટ ઓછા રહ્યા હતા. ભારતી એરટેલે નિવેદન જારી કરીને કહ્યુ છે કે અમે પહેલાથી જ કહી ચુક્યા છીએ કે કિંમતોમાં વધારો જરૂરી બની ગયો હતો. વધતા જતા ખર્ચ અને ટેરિફને લઈને ગણતરી ચાલી રહી હતી. વધતા જતા ખર્ચ મુજબ કિંમતોમાં સુધારો કરવામાં આવ્યો છે. કોલ કિમતોમાં વધારો તબક્કાવાર રીતે ભારતના તમામ ૨૨ ટેલિકોમ્યુનિકેશન ઝોનમાં લંબાવવામાં આવશે. ભારતીના શેરમાં આજે વધારો થયો હતો. જ્યારે આઈડિયાના શેરમાં પણ વધારો થયો હતો. બીજીબાજુ રિલાયન્સ કોમ્યુનિકેશનના શેરમાં પણ વધારો થયો હતો. ભારતી, આઈડિયા અને વોડાફોન ગ્રુપના ભારતીય યુનિટે ૨૦૧૧ન મધ્યમાં વોઈસ કોલની કિંમતો વધારી હતી. વોડાફોન્ના પ્રવક્તાએ કોઈ ટિપ્પણીનો ઈન્કાર કર્યો છે. આગામી દિવસોમાં અન્ય મોબાઈલ કંપનીઓ પણ કોલ રેટના દર વધારી દે તેવા સંકેત છે.

## સમાચાર ઝલક

- જમ્મુ-કાશ્મીરમાં મોટા પાયે આતંકવાદી હિંસા ફેલાવવાની તૈયારી : હફીઝ સઇદની ચેતવણી.
- આરોગ્ય વિમા પોલીસી માટે આરોગ્ય ચકાસણી વગર પોલીસી મળવાની તૈયારી.
- ઇરાનમાં લૂંટની સજા ફાંસી થાય છે.
- મારૂતિ કાર ગુજરાતમાં એક નહીં, પણ બે સ્થળ પર પ્લાન્ટ સ્થાપશે.
- કેરળમાં યાજાયેલી સાયકલ સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ જૂનાગઢના સાઇકલીસ્ટ યુવાનનું અકસ્માતમાં મૃત્યુ.
- હવે કૂતરૂં કરડે તો પણ પોલીસને નિવેદન આપવું પડે છે.
- મોબાઇલમાં એસ.ટી.ડી.ના દર લોકલ દરની સમકક્ષ થવાની શક્યતા.
- ભારતભરની મહિલાઓ '૧૮૧' નંબર દ્વારા મદદ માગી શકશે.
- મુકેશ અંબાણીના ભાણીનાં લગ્નમાં નરેન્દ્રભાઇ મોદી અને અમિતાભ બચ્ચન સહિતનાં મહાનુભાવોની હાજરી.
- તેલંગણા રાજયની રચના નિર્ણય તા.૨૮મી જાન્યુઆરી સુધીમાં લેવાશે.
- મુંબઇમાં ઓટો રીક્ષા ડ્રાઇવરની પુત્રી. સી.એ.ની પરીક્ષામાં ટોપ પર.
- વૈશ્વિક બેરોજગારીનો આંકડો ૨૦ કરોડ સુધી પહોંચી જશે.
- બિલખા ગામને પાણી નહીં મળતાં સરપંચની આત્મવિલોપનની ધમકી. ૧૮ દિવસથી પાણીનું વિતરણ કરાયું નથી.
- તબીબો માટે સસ્તી દવા લખવાનું ફરજિયાત, મેડિકલ કાઉન્સિલનો આદેશ.
- ભજનીક હેમંત ચૌહાણનું પૂ. મોરારિ બાપુનાં હસ્તે સન્માન.
- અમદાવાદના રાણીપમાં હનુમાનજીના મંદિરમાં સોનાચાંદી સાથે હાર્ડ ડિસ્ક ચોર ચોરી ગયો હતો.
- સ્પેનની ૭૭ વર્ષની દાદી અફલાતૂન લેડી ડાન્સર, ગિનિસ બૂકમાં રેકોર્ડ નોંધાયો.
- કુંભ મેળાને બોંબથી ફૂકી મારવાની ધમકી.
- અમેરિકામાં ૧૫ વર્ષના પુત્રએ મા-બાપ અને 3 નાના ભાઇ-બહેનની હત્યા કરી.
- પૂનામાં ડોક્ટરની અનોખી પહેલ, પુત્રી જન્મ પર હોસ્પિટલનો ચાર્જ માફ, વધુમાં મીઠાઇ વહેંચવામાં આવે છે.

### ૮૦૦૦૦ સૂચનો વર્મા કમિટીને મળ્યા

## દિલ્હી ગેંગ રેપ પ્રકરણ મામલે વર્મા કમિટીએ અહેવાલ સુપ્રત કર્યો

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર અમાનવીય ગેંગ રેપના બનાવ અને ત્યાર બાદ તેના મોત બાદ રચવામાં આવેલી જસ્ટિસ જેએસ વર્મા કમિટીએ ખૂબજ ઝડપથી તેની કામગીરી પૂરી કરી દીધી છે. બળાત્કારના કાયદા અંગે જસ્ટિસ વર્મા કમિટીએ તેનો અહેવાલ સોંપી દીધો છે. દેશમાં બળાત્કાર સંબંધિત કાયદાઓને વધુ મજબુત બનાવવા અને મહિલાઓ સામે આવા ગુનાઓને રોકવા શ્રેણીબદ્ધ સુચનો આ કમિટી દ્વારા કરવામાં આવ્યા છે. આજે ગૃહ મંત્રાલયને તેનો અહેવાલ આ સમિતિએ સોંપી દીધો




હતો. જસ્ટિસ વર્માએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુંહતુ કે ૧૬મી ડિસેમ્બરના ગેંગ રેપના બનાવ બાદ યુવાનોમાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો જે ખૂબ સારી બાબત રહી છે. લોકોનો આ પ્રકારનો જુસ્સો જાળવી રહે તે જરૂરી છે. જસ્ટિસ વર્માએ એમ પણ કહ્યુ હતુકે ભારત અને વિદેશમાંથી ૮૦૦૦૦ સૂચનો તેમને મળ્યા હતા. ૨૯ દિવસની અંદર જ આ કમિટીએ તેમની કામગીરી પૂરી કરી દીધી છે. ત્રણ સભ્યોની સમિતિનું નેતૃત્વ કરનાર વર્મા સમિતિની ૨૩મી ડિસેમ્બરના દિવસે રચના કરાઈ હતી.

પેનલના અન્ય સભ્યોમાં હિમાચલ પ્રદેશના પૂર્વ ચીફ જસ્ટિસ લૈલા શેઠ અને પૂર્વ સોલિસિટર જનરલ ગોપાલ સુબ્રમણ્યમનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યુ હતુ કે સંચાલનની નિષ્ફળતા મહિલાઓ સામે ગુનાઓ માટે જવાબદાર નથી. તેમણે કહ્યુ છે કે ફરજ ઉપર રહેલા લોકોની બેદરકારી પણ આની સાથે જોડાયેલી છે. ૨૯ દિવસમાં અહેવાલ સોંપવામાં આવ્યો છે. કામના બોજને લઈને આગળ વધ્યા ન હતા. ગૃહમંત્રાલયને અહેવાલ સોંપી દીધા બાદ તેમણે આ મુજબની વાત કરી હતી. વર્માએ કહ્યુ હતુ કે એક વરિષ્ઠ કેબિનેટ પ્રધાન તેમની સામે આવ્યા હતા. અને વડાપ્રધાન દ્વારા તેમને મોકલવામાં આવ્યા હતા. વર્માએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે પ્રધાને તેમને એમ કહ્યુ હતુ કે ૨૧મી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ થઈ રહ્યુ છે. બે મહિનાનો સમય રહ્યો છે. ૩૦ દિવસનો સમય તમારી પાસે છે. શાનદાર પ્રતિસાદ આપવા બદલ યુવાનોનો તેમણે આભાર માન્યો હતો. જસ્ટિસ વર્મા પેનલે કઈ કઈ ભલામણો કરી છે તે અંગે માહિતી આપાઈ નથી. પાંચમી જાન્યુઆરીની મહેતલ જુરિસ્ટ, મહિલા ગ્રુપ અને અન્ય સંસ્થાઓની ટિપ્પણી માટે નક્કી કરાઈ હતી. કમિટીએ અગાઉ જાહેર સૂચનો આપવા કહ્યુ હતુ.

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

**આયુર્વેદમાં તમામ નિજ રોગોનું (બાહ્ય કારણોથી થતાં રોગો સિવાયનાં) કારણ જઠરાગનિની મંદતાને માનવામાં આવ્યું છે. ગાયના ઘીના સેવનથી જઠરાગ્નિ સમ રહે છે, જેથી નિરામ બને છે.**

**સુવર્ણ એ શ્રેષ્ઠ ધાતુ છે. શુધ્ધ સ્વરૂપે સુવર્ણ રસાયણ છે. સુવર્ણના આયુર્વેદ અનેકાનેક ઉપયોગો વર્ણવ્યા છે. અનેક દારણ રોગોમાં સુવર્ણના યોગો અકસીસ છે. સુવર્ણ ધાતુ શરીરનો તેમજ મનનો સર્વાંગી વિકાસ સાધે છે, તેમજ દરેક પ્રકારના રોગો સામે રક્ષણ મેળવે છે.**

**અભ્યાસ મુજબ સુવર્ણપ્રાશનના કારણે બાળકોને પ્રથમ વર્ષમાં સામાન્યતઃ થતા રોગો થતા જ નથી અથવા તેની તીવ્રતા ઘટે છે. આના કારણે બાળકોને પ્રથમ વર્ષથી જ હાનિકારક એન્ટી બાયોટીક આદિ દવાઓ આપવી પડતી નથી જેના કારણે બાળકની રોગપ્રતિકારક શક્તિ વધે છે, તેમજ અવયવોનો વિકાસ થાય છે. સુવર્ણપ્રાશન વડે બાળક સુંદર તથા ઘાટીલું પણ બને છે. વળી તેના ઓજસની ઉત્કૃષ્ટતા થવાથી તેની સર્વધાતુઓ ઉત્તમ બને છે. જેનો સીધો કે આડકતરો લાભ ભવિષ્યમાં તે બાળકની આગામી પેઢીઓને પણ મળે છે. ટૂંકમાં મનુષ્યવંશની ઓલાદ સુધરે છે. આમ, પણ હાલ પ્રદૂષણ, જંતુનાશક દવાઓ, ભેળસેળ આદિના જમાનામાં વખતોવખત મનુષ્યની ઓલાદો હિન થતી જાય છે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ નાની ઉંમરમાં જ લાગૂ પડતા અનેક રોગો છે. સુવર્ણપ્રાશન જેવા ઉપાયો દ્વારા લાંબા ગાળે તેનું નિવારણ શક્ય છે.**

**હાલ અનેક આયુર્વેદાલયોમાં સુવર્ણપ્રાશનના પ્રયોગો કરવામાં આવે છે. અને અનેક લોકો તેનો લાભ પણ લે છે. આ વાંચ્યા બાદ આપ પણ લાભાન્વિત થશો તેવી અપેક્ષા...**

## ઉથલપાથલ વચ્ચે શેરબજારમાં તેજી : નજીવો સુધારો નોંધાયો

મુંબઈ,તા. ૨૩

શેરબજારમાં આજે ઉથલપાથલનો કારોબાર જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ૪૫ પોઈન્ટ સુધરીને ૨૦૦૨૭ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેન્સેક્સ ઈન્ટ્રા ડે દરમિયાન ૨૦૦૫૮ની સપાટીએ પહોંચ્યો હતો.

આવી જ રીતે નિફટી છ પોઈન્ટ સુધરીને ૬૦૫૪ સુધી પહોંચ્યો હતો. એક વખતે નિફટી ૬૦૭૦ની ઉંચી સપાટી અને ૬૦૨૧ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૮ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. એશિયાના નીક્કીમાં સતત ત્રીજા દિવસે ઘટાડો રહ્યો હતો. યુરોપિયન બજારમાં પણ કારોબારની શરૂઆત આશાસ્પદ રીતે થઈ હતી. ઘર આંગણે સેક્ટરલ ઈન્ડેક્સમાં બેંક અને કેપિટલ ગુડ્સમાં ૦.૮ ટકા અને ૦.૨ ટકાનો સુધારો થયો હતો. અન્ય તમામ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા હતા. પીએસયુ, રિયાલિટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓટો, મેટલ અને ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫થી બે ટકાનો ઘટાડો નોંધાયો હતો. એચડીઆઈએલમાં ૧૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. અન્ય તમામ મોટા ઓટોના શેરમાં મંદી રહી હતી જેમાં તાતા મોટર્સ, બજાજ ઓટો અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૧થી બે ટકાનો ઘટાડો રહ્યો હતો. હિન્ડાલ્કો, ગેઈલ ઈન્ડિયા, ઓએનજીસી અને એનટીપીસીમાં એકથી ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે જે શેરમાં તેજી રહી હતી તેમાં તાતા પાવર, આઈટીસી, હિરો મોટો, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, વિપ્રો, એલએન્ડટીનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૬થી બે ટકાનો સુધારો થયો હતો. માર્કેટ બ્રિડ્થની વાત કરવામાં આવે તો ૧૩૮૬ શેરમાં મંદી અને ૮૧૦ શેરમાં તેજી રહી હતી.

## ભારતમાં એફડીઆઈ બે વર્ષની નીચી સપાટી ઉપર

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં વિદેશી સીધા મૂડીરોકાણ પ્રવાહ બે વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. નવેમ્બર ૨૦૧૨માં વિદેશી સીધા મૂડીરોકાણનો આંકડો ૧.૦૫ અબજ ડોલર નોંધાયો હતો જે બે વર્ષની નીચી સપાટી દર્શાવે છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના પરિણામસ્વરૂપે એફડીઆઈ આંકડો સૌથી નીચે સપાટીએ પહોંચ્યો છે. નવેમ્બ ૨૦૧૧માં દેશમાં એફડીઆઈનો આંકડો ૨.૫૩ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો. એપ્રિલ-નવેમ્બર ૨૦૧૨-૧૩ના ગાળા દરમિયાન એફડીઆઈ પ્રવાહ ૩૧ ટકા ઘટીને ૧૫.૮૪ અબજ ડોલર સુધી પહોંચ્યો છે. એક વર્ષ અગાઉ આ આંકડો ૨૨.૮૩ અબજ ડોલર હતો. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશનમાં એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા આ મુજબની જાણ કરી છે.

## રાજનાથ સિંહને અભિનંદનનો વરસાદ

નવી દિલ્હી, તા.૨૩

ભાજપના નવા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ રાજનાથ સિંહ પર અભિનંદનનો વરસાદ શરૂ થયો હતો. તમામ ભાજપના ટોચના નેતાઓએ રાજનાથ સિંહને શુભેચ્છાઓ આપી હતી. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રાજનાથસિંહને શુભેચ્છા આપી હતી. રાજનાથ સિંહ સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવે છે જેના કારણે પક્ષના ટોચના નેતાઓ તેમનાથી પ્રભાવિત થયા છે. નીતિશ કુમારે કહ્યુ હતુ કે રાજનાથ સિંહ અનુભવી અને કુશળ નેતા છે. તેઓ પહેલા પણ પક્ષના પ્રમુખ તરીકે સેવા આપી ચુક્યા છે. તેઓ લાંબો રાજકીય અનુભવ ધરાવે છે. તેમની તાજપોશીથી ફાયદો થશે. રાજનાથસિંહ ભાજપ પ્રમુખ બની ગયા બાદ પક્ષને ફાયદો થશે તેમ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ. ભાજપના ટોચના નેતાઓએ પણ અભિનંદન આપ્યા છે. રામ જેઠમલાણીએ કહ્યુ છે કે રાજનાથ સિંહ બુદ્ધિશાળી વ્યક્તિ છે. નવા પ્રમુખ પક્ષને વધુ સ્વચ્છ પ્રતિષ્ઠા સુધી લઈ જવામાં ભૂમિકા ભજવશે. પક્ષ પ્રમુખ તરીકે નીતિન ગડકરીની ફેર ચૂંટણીના મામલે ખુલ્લો વિરોધ કરનાર સસ્પેન્ડ કરવામાં આવેલા નેતા રામ જેઠમલાણીએ રાજનાથ સિંહને શુભેચ્છાઓ પાઠવી છે.